**C C NO 3262-18**

**આંક:૧ લગત હુકમ**

(૧) હાલના કામે તપાસ એજન્સી દવારા તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૫(એ)(એ) મુજબ આખરી અહેવાલ રજુ રાખવામાં આવેલ છે.

(૨) આ તબકકે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૩૯ ધ્યાને લેતાં પોલીસ રીપોર્ટ તથા તે સાથેના રજુ દસ્તાવેજો તપાસ્યા બાદ આરોપી વિરુધ્ધ તહોમત ફરમાવી શકાય તેમ ન હોય ડીસ્ચાર્જ કરવાની જોગવાઈ આપવામાં આવેલ છે.

(૩) આ કામે દેશી દારુ પોલીસે પકડેલ હોવાનો આક્ષેપ છે આ બાદ આશરે ચાર્જશીટ થયાના ૩ વર્ષથી વધુ સમય વીતી ગયા છતાં પણ હજુ સુધી આ કામે પકડાયેલ મુદ્દામાલ શું પ્રતિબંધીત દારુ હતો કે કેમ, તે અંગેનું એફ.એસ.એલ.નું કોઈ સર્ટીફીકેટ આ કામે તપાસ કરનાર અધીકારીએ રજુ રાખેલ નથી. વધુમાં રેકર્ડ ધ્યાને લેતાં એફ.એસ.એલ.માં આ મુદ્દામાલ મોકલાયેલ હોવા અંગેનું નિયત નમુનાનું ફોર્મ પણ રેકર્ડ ઉપર હોવાનું જણાઈ આવતુ નથી. આવા સંજોગોમાં નામદાર વડી અદલાતના તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી સામે તહોમત ભીડી શકાય તેમ ન હોય આરોપીને આ કામમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવે છે.

(૪) મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને પકડાયેલ મુદ્દામાલ છે જે પોલીસે દારુ તરીકેનો મુદ્દામાલ બતાવેલ છે તે મુદ્દામાલ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**આજ તારીખ: ૧૨ મી માહે માર્ચ સને ૨૦૨૨ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ: ૧૨/૩/૨૦૨૨**

**હાર્દિક ભરતભાઇ ત્રિવેદી**
૯ માં અધિક જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર.
**Judge Code-GJ01536**.